# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 31-08-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે,મહિલાઓ ઉપર થતા અત્યાચાર અને બાળકોની સલામતિ સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય છે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, વંદે ભારત ટ્રેનોના વિસ્તરણથી દેશ વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યો છે.
- ✓ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ ગાંધીનગરમાં રાષ્ટ્રવ્યાપી પોષણ માહની સાતમી આવૃત્તિનો પ્રારંભ કરાવ્યો
- ✓ હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે મતદાન 1 ઓક્ટોબરને બદલે 5 ઓક્ટોબરે યોજાશેઃ તેને પગલે હરિયાણા અને જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીની મતગણતરી 8 ઓક્ટોબરે થશે
- ✓ એપ્રિલથી જુલાઇ દરમિયાન યુપીઆઇ દ્વારા 81 લાખ કરોડનાં વ્યવહારો થયાઃ વાર્ષિક ધોરણે 37 ટકાનો વધારો
- ✓ પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં પેરા શૂટર રુબિના ફ્રાન્સિસે મહિલાઓની 10 મીટર એર પિસ્ટોલ SH1માં કાંસ્યચંદ્રક જીત્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PM JUDICIARY**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, મહિલાઓ પર થતા અત્યાચાર અને બાળકોની સલામતી સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે, દેશમાં મહિલાઓની સલામતી માટે ઘણા કડક કાયદા બનાવવામાં આવ્યા છે, પરંતુ તેને વધુ સક્રિય બનાવવાની જરૂર છે. શ્રી મોદીએ ઉંમેર્યું કે, મહિલાઓ પર થતા અત્યાચારના કેસમાં જેટલી ઝડપથી નિર્ણય લેવાશે તેટલી જ મહિલાઓને સલામતીની ખાતરી મળશે. પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે જિલ્લા ન્યાયતંત્રની બે દિવસની રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન દરમિયાન આ મુજબ જણાવ્યું હતું.

શ્રી મોદીએ કહ્યું કે, સર્વોચ્ચ અદાલતના 75 વર્ષ લોકશાહીની માતા તરીકે ભારતનું ગૌરવ વધારે છે. શ્રી મોદીએ ઉંમેર્યું, સર્વોચ્ચ અદાલતે કટોકટીના કાળમાં બંધારણનું રક્ષણ કર્યું હતું. ભારતીય ન્યાય સંહિતા અંગે પ્રધાનમંત્રીએ કહ્યું, 'સિટીઝન ફર્સ્ટ, ડિગ્નિટી ફર્સ્ટ અને જસ્ટિસ ફર્સ્ટ' એ આ કાયદાઓની ભાવના છે -

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના 75 વર્ષની યાદગીરી રૂપે ટપાલ ટિકિટ અને સિક્કાનું અનાવરણ કર્યું હતું.

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચુડે જણાવ્યું હતું કે, આ સંમેલન જિલ્લા ન્યાયતંત્ર અને અન્ય તમામ લોકો વચ્ચે સંવાદને સરળ બનાવશે, જેથી ન્યાયતંત્રના ન્યાયાધીશોની ચિંતાઓને સમજી શકાય અને ભારતીય કાયદાકીય વ્યવસ્થાના ભાવિ માટે સામૂહિક દ્રષ્ટિકોણ તૈયાર કરવામાં સક્ષમ બને.

## PM-VANDE BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા ત્રણ વંદે ભારત ટ્રેનોને લીલીઝંડી બતાવી શુભારંભ કરાવ્યો હતો. આ ટ્રેનોમાં મેરઠ-લખનઉ, મદુરાઇ-બેંગલુરુ અને ચેન્નાઇ-નાગરકોઇલનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું કે, આજે ઉત્તરથી દક્ષિણ સુધી, દેશની વિકાસ યાત્રામાં નવું પ્રકરણ ઉમેરાઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, વંદે ભારત ટ્રેનોના

વિસ્તરણથી દેશ ધીમે ધીમે વિક્સિત ભારત તરફ આગળ વધી રહ્યો છે. આ ત્રણ નવી વંદે ભારત ટ્રેનો મહત્વનાં અને ઐતિહાસિક શહેરોને જોડશે.

તેમણે જણાવ્યું કે, મંદિરોનું શહેર મદુરાઇ હવે આઇટી શહેર બેંગલુરુ સાથે જોડાશે. વંદે ભારત આધુનિક રેલવેઝનો નવો ચહેરો છે. તેમણે જણાવ્યું કે, દરેક રૂટ પર વંદે ભારત શરૂ કરવાની માંગ છે. આ સાથે દેશમાં કુલ 102 વંદે ભારત ટ્રેન ચાલી રહી છે. હાઇ-સ્પીડ ટ્રેન શરૂ થવાથી લોકોને પોતાનો રોજગાર અને વેપાર વધારવાનો વિશ્વાસ મળે છે. શ્રી મોદીએ જણાવ્યું કે, ભારતનાં રેલવે સ્ટેશનોમાં પરિવર્તન આવી રહ્યું છે અને નાના સ્ટેશનોમાં પણ એરપોર્ટ જેવી આધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે સ્થાનિક માળખાકીય સુવિધાઓ વધવાથી ગરીબોનું સશક્તિકરણ થશે અને ગરીબી નાબૂદ થશે.

આ અંગે શ્રી મોદીએ વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ-મોદી)

## RAHUL US VISIT

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સપ્ટેમ્બર મહિનાની બીજા સપ્તાહમાં અમેરિકાના ટૂંકા પ્રવાસે જશે. ઇન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસેના ચેરમેન સેમ પિત્રોડાએ જણાવ્યું કે, રાહુલ ગાંધી તેમની અમેરિકા મુલાકાત દરમિયાન ભારતીય પ્રવાસીઓ, શિક્ષાવિદો, ઉદ્યોગપતિઓ, નેતાઓ, માધ્યમો અને ટેકનોક્રેટ્સ સાથે વાતચીત કરશે.

વિપક્ષના નેતા બન્યા બાદ રાહુલની આ પ્રથમ વિદેશ મુલાકાત છે. એક વિડિયો સંદેશામાં પિત્રોડાએ જણાવ્યું કે, શ્રી ગાંધી 8 સપ્ટેમ્બરે ડલાસ અને 9 તથા 10 સપ્ટેમ્બરનાં રોજ વોશિંગ્ટન ડીસીમાં હશે. તેઓ ડલાસમાં ટેક્સાસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, શિક્ષણવિદોને મળશે. તેઓ વોશિંગ્ટન ડીસીમાં થિન્ક ટેન્ક, નેશનલ પ્રેસ ક્લબ સહિતનાં લોકો સાથે મુલાકાત કરશે.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી જૂન 2023માં અમેરિકા અને માર્ચ 2023માં બ્રિટનનાં પ્રવાસે ગયા હતા.

## JHARKHAND MUKTI MORCHA (JMM) LOBIN HEMBROM

ઝારખંડમાં ચંપઇ સોરેન બાદ ઝારખંડ મુક્તિ મોરચાના વધુ એક સ્થાપક નેતા લોબિન હેમ્બ્રોમ આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. શ્રી હેમ્બ્રોમ બોરિઓ વિધાનસભા બેઠક પરથી જેએમએમના ભૂતપુર્વ ધારાસભ્ય છે. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના ઝારખંડનાં ચૂંટણી સહ-ઇન્ચાર્જ હિમંતા બિસ્વા સર્મા અને રાજ્ય ભાજપ પ્રમુખ બાબુલાલ મરાન્ડી ઉપસ્થિત રહ્યા હતા. હેમ્બ્રોમે જણાવ્યું કે, બાંગલાદેશમાંથી બેફામ ઘુસણખોરીને કારણે રાજ્યના સંથાલ પરગણા વિસ્તારમાં આદિવાસીઓની ઓળખ અને અસ્તિત્વ પર સંકટ છે અને તેને બચાવવા માટે તેઓ ભાજપનાં જોડાયા છે.

## GUJARAT POSHAN MAH

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રવ્યાપી પોષણ માહની સાતમી આવૃત્તિનો પ્રારંભ કરાવ્યો હતો. આ આવૃત્તિમાં દેશમાંથી કુપોષણ નાબૂદ કરવા માટે એનિમિયા અંગે જાગૃતિ, પોષણ ભી પઢાઈ ભી, ટેકનોલોજીના ઉપયોગથી સુશાસન અને પૂરક આહાર પર ભાર મૂકવામાં આવશે.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું કે, દેશમાં તંદુરસ્ત અને સશક્ત મહિલાઓ તથા બાળકીઓ દ્વારા જ વિક્સિત ભારતનો સંકલ્પ સાકાર થઈ શકશે. તાજેતરનાં કેન્દ્રીય અંદાજપત્રમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે મહિલાઓ અને બાળકીઓ માટેની વિવિધ યોજનાઓ માટે ત્રણ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમણે નવીન આંગણવાડીઓનાં ગુજરાત મોડલ અને શાસનમાં ટેકનોલોજી ઉપયોગની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે તેમણે દેશમાં તમામ આંગણવાડીઓમાં એક પેડ મા કે નામ રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશનો પણ પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સગર્ભા, સ્તનપાન કરાવતી માતાઓ અને કિશોરીઓને પોષણક્ષમ આહારની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

## NIA-MAOISTS

પ્રતિબંધિત સંગઠન **CPI**-માઓવાદી પર રાષ્ટ્રીય તપાસ એજન્સી-**NIA**એ બિહારના બે જિલ્લાઓમાં સાત સ્થળોએ શોધખોળ હાથ ધરી હતી. આ અભિયાન દરમિયાન **NIA** એ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા ડિજિટલ ઉપકરણો, દસ્તાવેજો અને શસ્ત્રો જપ્ત કર્યો છે. **NIA**એ જણાવ્યું હતું કે **CPI** માઓવાદીના બે મુખ્ય નેતાઓ વિજય કુમાર આર્ય અને ઉમેશ ચૌધરીની ધરપકડના સંદર્ભમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. આર્યની ધરપકડ સમયે તેની પાસેથી લેવી રસીદો, પેમ્ફલેટ અને ડિજિટલ ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. આ બંને ઉપરાંત, અન્ય ત્રણ આરોપીઓ હાલમાં જેલ હવાલે છે અને આ કેસમાં એજન્સી દ્વારા આરોપનામુ દાખલ કરાયું છે.

## BIO E-3 POLICY

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડોક્ટરજીતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં બાયોટેકનોલોજી ફોર ઇકોનોમી, એન્વાયર્નમેન્ટએન્ડ એમ્પાવરમેન્ટ પોલિસી-(**BioE3**)

2024 જાહેર કરીહતી. પત્રકારો સાથેની વાતમાં ડોક્ટર સિંહે જણાવ્યું કે, આ પોલિસી દેશમાં હાઇપર્ફોર્મન્સ બાયો મેન્યુફેકચરિંગને વેગ આપશે. તેમણે જણાવ્યું કે, વિશ્વનું ભાવિ અર્થતંત્ર બાયો-ઇકોનોમી દ્વારા આગળ ધપશે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય મંત્રીમંડળે24 ઓગસ્ટે BioE3 પોલિસી જાહેર કરી હતી.

## GOVT-WINDFALL TAX

કેન્દ્ર સરકારે દેશમાં ઉત્પાદિત ક્રુડ ઓઇલ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ ટન બે હજાર 100 રૂપિયાથી ઘટાડીને એક હજાર 850 રૂપિયા કર્યો છે. એક સત્તાવાર જાહેરનામામાં સરકારે જણાવ્યું છે કે, આ ઘટાડો આજથી અમલમાં આવ્યો છે. ડિઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ-એટીએફ પરનો વિન્ડફોલ ટેક્સ શૂન્ય પર જાળવી રાખવામાં આવ્યો છે. અગાઉનાં બે સપ્તાહમાં ક્રુડ ઓઇલનાં સરેરાશ ભાવને આધારે દર પખવાડિયે ટેક્સનાં રેટની સમીક્ષા થાય છે.

આર્થિક સ્થિતિને કારણે સરેરાશથી કરતાં અતિ વધારે નફા પર ચોક્કસ કંપની કે ઉદ્યોગ પર લાદવામાં આવતા ઊંચા દરને વિન્ડફોલ ટેક્સ કહેવાય છે.

## EC-HARYANA POLL DATE CHANGE

કેન્દ્રીય ચૂંટણી પંચે હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે મતદાનની તારીખ બદલી છે. હવે રાજ્યમાં 1 ઓક્ટોબરને બદલે 5 ઓક્ટોબરે મતદાન થશે. પંચે એક યાદીમાં જણાવ્યું છે કે, હરિયાણાનો બિશ્નોઇ સમુદાય સદીઓ જૂના અસોજ અમાવાસ્યા તહેવાર દરમિયાન મોટી સંખ્યામાં રાજસ્થાન જતો હોવાથી રાજકીય પક્ષો અને અખિલ ભારતીય બિશ્નોઇ મહાસભા તરફથી મતદાનની તારીખ બદલવાની રજૂઆત થઈ હતી.

ચૂંટણી પંચે જાહેરાત કરી હતી કે, હવે હરિયાણા અને જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની મતગણતરી 4 ઓક્ટોબરને બદલે 8 ઓક્ટોબરે થશે.

## AYUSH- NEW INSTITUTES

આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું છે કે આગામી પાંચ વર્ષમાં 10 નવી આયુષ સંસ્થાઓ શરૂ કરવામાં આવશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેમનું મંત્રાલય દરેક ઘરમાં આયુર્વેદનો ફેલાવો કરવાનાં પ્રધાનમંત્રીનાં પ્રયત્નને પરિપૂર્ણ કરવા માટે પ્રતિબધ્ધ છે.

ગઈ કાલે નવી દિલ્હીમાં ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ ખાતે કાર્યક્રમને સંબોધતા શ્રી જાધવે જણાવ્યું કે, યોગ અને આયુર્વેદ પ્રત્યેની ધારણામાં વૈશ્વિક પરિવર્તન આવ્યું છે અને ઝડપથી તેને અપનાવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, દેશમાં આયુષ સંસ્થાઓનાં વિસ્તરણથી પરંપરાગત ઓષધિ તંત્રનો વ્યાપ વધશે અને દરેક ભારતીય નાગરિકને તેનો લાભ થશે.

**UPI -DATA**

એપ્રિલ-જુલાઈના સમયગાળામાં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) દ્વારા 81 લાખ કરોડ રૂપિયાથી વધુના વ્યવહારો થયા છે. એટલેકે વાર્ષિક ધોરણે 37 ટકાનો વધારો થયો છે.

ગ્લોબલ પેમેન્ટ્સ હબ પેસીક્યોર દ્વારા બહાર પાડવામાં આવેલ નવીનતમ ડેટા જણાવે છે કે, યુપીઆઈ દ્વારા પ્રતિ સેકન્ડ 3 હજાર 729 વ્યવહારો થઈ રહ્યા છે. 2022માં આ આંકડો પ્રતિ સેકન્ડ 2 હજાર 348 વ્યવહારો જેટલો હતો. આ સમયગાળા દરમિયાન UPI દ્વારા ટ્રાન્ઝેક્શનમાં 58 ટકાનો વધારો જોવા મળ્યો છે. ડેટા અનુસાર, UPI ટ્રાન્ઝેક્શનની સંખ્યાના સંદર્ભમાં, ભારત ચીનના Alipay, અમેરિકાના PayPal અને બ્રાઝિલના Pix કરતાં ઘણું આગળ નીકળી ગયું છે. જુલાઈમાં યુપીઆઈ દ્વારા કુલ ટ્રાન્ઝેક્શન 20.6 લાખ કરોડ રૂપિયા હતું. આ ડેટા PaySure દ્વારા વિશ્વભરની ટોચની વૈકલ્પિક ચુકવણી પદ્ધતિઓમાંથી 40 ની તપાસ કર્યા પછી બહાર પાડવામાં આવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ના સીઈઓ દિલીપ આસબેએ જણાવ્યું હતું હતું કે, ધિરાણ વૃદ્ધિ સાથે, આગામી 10 થી 15 વર્ષમાં UPI દ્વારા

વ્યવહારોની સંખ્યા 100 અબજ સુધી પહોંચવાની સંભાવના છે. RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું છે કે, અમારું ધ્યાન UPI અને RuPay કાર્ડને વૈશ્વિક સ્તરે લઈ જવા પર છે. આ માટે વિદેશમાંથી પણ સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

## NEW PARALYMPICS

પેરિસમાં રમાઇ રહેલી પેરાલિમ્પિક ગેમ્સમાં, પેરા શૂટર રુબિના ફ્રાન્સિસે મહિલાઓની 10 મીટર એર પિસ્ટોલ SH1માં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. આ સાથે પેરાલિમ્પિકમાં ભારતને પાંચમો ચંદ્રક મેળવ્યો છે. પેરાલિમ્પિકમાં ભારતીય શૂટર્સ દ્વારા આ ચોથો ચંદ્રક મેળવવામાં આવ્યો છે.

દરમિયાન, સુહાસ યથીરાજ અને સુકાંત કદમ પુરુષ સિંગલ્સ SL4 બેડમિન્ટનમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે, જેનાંથી ભારતને ઓછામાં ઓછો એક ચંદ્રક સુનિશ્ચિત થયો છે.

દરમિયાન, સ્વરૂપ ઉન્હાલકર ક્વોલિફિકેશન રાઉન્ડમાં 14મા ક્રમે આવતા પુરુષોની 10 મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ (SH1)માં ફાઇનલ માટે ક્વોલિફાય થવામાં નિષ્ફળ ગયા હતા. પ્રવીણ કુમાર ભાલા ફેંકની F57 સ્પર્ધામાં રમશે.

ગઈ કાલે શૂટિંગમાં ભારતે ત્રણ ચંદ્રકો મેળવ્યા હતા. 10 મીટર એર રાઇફલમાં અવની લેખરા સુવર્ણ, મોના અગરવાલ કાંસ્ય અને 10 મીટર એર પિસ્ટોલમાં મનિષ નરવાલ રજત ચંદ્રક જીત્યા હતા.